NAVSARI AGRICULTURAL UNIVERSITY

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

શ્રી ડી.ટી. ચૌધરી
**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**

ફોન નં. ડાયરેક્ટ [O] (૦૨૬૩૭) ૨૮૨૭૬૫
ઈમેઈલ: comptnau08@yahoo.com

જા.નં.નકૃયુ/કન્ટ્રોલ/આંતરીક ઓડીટ/2013-14/10206/2013 તારીખ:-20-09-2013

પ્રતિ,
મેનેજરશ્રી,
એસ.કે. કાબરા એન્ડ કા.,
1006, રાઠી પેલેસ,
કામેલા દરવાજા, રીંગરોડ,
સુરત-395002.

વિષયઃ- આતરીક ઓડીટની કામગીરી બાબત...

સંદર્ભઃ- (1) આ કચેરીના પત્ર નં.વહઅ/8522-24, તા.24-08-2013
(2) આ કચેરીના પરિપત્ર નં.8672-8720, તા.02-09-2013

જયભારત સાથે ઉપરોક્ત વિષયે તેમજ સંદર્ભ ક્રમ-1 થી આ યુનિવર્સિટીની તમામ કચેરીઓનું સને 2013-14ના વર્ષનું આંતરીક ઓડીટની કામગીરી સોંપવામાં આવેલ છે. તેમજ સંદર્ભ ક્રમ-2ના પત્રથી રૂ.1.00 લાખ અને તેનાથી વધુ રકમની ખરીદીના બીલોનું પ્રિ-ઓડીટ કરી આપવાની કામગીરી સોંપેલ છે. જેમાં પ્રિ-ઓડીટની કામગીરી માટે નીચે મુજબની સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

(1) આંતરીક ઓડીટની કામગીરી દરમ્યાન DDO ની નિમણુંક બાબતે તથા તેની સહીના નમુનાની ચકાસણી આપના તરફથી કરવાની રહેતી નથી.

(2) રૂ.1.00 લાખ ને તેનાથી વધુ રકમના ખર્ચના બીલોના પ્રિ-ઓડીટ માટે પત્રક-1 અને પત્રક-2માં જ્યાં જરૂર જણાય ત્યાં આધાર સહ ખાત્રી કરવાની રહેશે.

(3) ઓન કેમ્પસની કચેરીઓના પ્રિ-ઓડીટના બીલો જે તે કચેરીમાં રૂબરૂ જઈ DDO પાસે જરૂરી આધારો મેળવી ખરાઈ કરી પ્રિ-ઓડીટ કરી આપવાના રહેશે. જ્યારે ઓફ કેમ્પસની કચેરીઓના બીલો સાથે જરૂરી આધારોની ચકાસણી કરી પ્રિ-ઓડીટ કરી આપવાના રહેશે.

(4) યુનિ.ની દરેક કચેરીઓના DDO નું નામ, સરનામું તથા ફોન નંબરની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

ઉપરની વિગતે જરૂરી અમલ કરવા વિનંતિ છે.

હિસાબી અધિકારી-વ-હિસાબ નિયામક

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(1) આ યુનિવર્સિટીની તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ ઉપર મુજબ અમલ થવા સારૂ....

(2) મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી.

F:/H.N.RANA/Latter-0000